વાપી ગીતાનગરમાં 9 ઈસમોએ મારામારી કરી લાકડાના સપાટા વડે 4 શખ્સ પર હુમલો કર્યો

અદાવતમાં થયેલા હુમલામાં ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા

વાપીઃ વાપી ગીતાનગરમાં આવેલી ચાલીમાં શિવમ સુરેશ યાદવ (ઉં.વ.24) તેના મિત્ર નયન રાજવંશીને ગૌરાંગ ઉર્ફે ગુડ્ડુ માહ્યાવંશીએ માર માર્યો હતો. જે બાબતે નયને વાપી ટાઉનમાં અરજી આપી હતી. જે બાદ મંગળવારની શિવમ અને તેનો ભાઈ સાગર તથા મિત્ર નયનનો ભાઈ રોશન ત્રણેય જણા ગૌરાંગ પાસે ગયા હતા અને નયનને મારવાનું કારણ પૂછતા ગૌરાંગ ઉર્ફે ગુડ્ડુ માહ્યાવંશી, હર્ષ રાજકુમાર ગુપ્તા, સચિન શર્મા, સુરજ જયસ્વાલ, નિલેશ પ્રજાપતિ, અમિત ઉર્ફે વીકી જયસ્વાલ, રવિકાંત યાદવ, પવન યાદવ, સચિન પ્રસાદ ઉશ્કેરાઈ ગયા હતા અને લાકડા તથા હાથમાં પહેરેલા ધાતુના કડા વડે મારામારી કરી હતી. જેમાં માથાના ભાગે અને શરીરે ઈજાઓ પહોંચતા વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. આ બનાવ બાબતે ટાઉન પોલીસ સ્ટેશનમાં મારામારી કરનારાઓ સામે ફરિયાદ નોંધાવી હતી.

સંક્ષિપ્ત સમાચાર

બીલીમોરા નવનાથ ધામ ખાતે શરદ પૂર્ણિમાની ઉજવણી

બીલીમોરાઃ બીલીમોરા નવનાથધામમાં છેલ્લા 60 વર્ષથી શરદ પૂર્ણિમાની ઉજવણી થાય છે. ધૃતિમાન નાથ સંપ્રદાયના વર્તમાન ગાદીપતિ પરમ છોટેદાદાએ પ્રવચન દરમિયાન દૂધનું માહાત્મ્ય સમજાવ્યું હતું. ખૂણેખૂણેથી ભાવિક ભક્તો દૂધપ્રસાદ લેવા આવે છે. 5 હજાર લીટરથી પણ વધુ દૂધપ્રસાદ બનાવામાં આવ્યો હતો. શરદ પૂર્ણિમા નિમિત્તે રાસ ગરબાની રમઝટ જામી હતી અને મન મૂકીને સૌ ભક્તો ગુરુના ધામમાં ગરબા રમ્યા હતા. આ અવસરે તાપી જિલ્લા આદિનાથી સત્સંગ મંડળ દ્વારા વિશાળ યાત્રા કરીને નવનાથ ધામ ખાતે ધ્વજા રોહણ કરવામાં આવ્યું હતું.

વલસાડ કોળી પટેલ સમાજ દ્વારા નવરાત્રિ મહોત્સવની ઉજવણી

વલસાડઃ વલસાડ તાલુકા કોળી પટેલ મંડળ દ્વારા નવરાત્રિની સમાપ્તી બાદ બે દિવસીય ગરબા સ્પર્ધા તેમજ ગરબા મહોત્સવનું વલસાડના અબ્રામા તડકેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં શેરી ગરબા, ઝરીયા ટ્રેડિશનલ ગરબા તેમજ ઘેરૈયાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોળી સમાજના પ્રમુખ અને ધારાસભ્ય ભરતભાઈ પટેલના માર્ગદર્શન અને આયોજન હેઠળ આ ગરબા મહોત્સવ બે દિવસ ચાલ્યા હતાં. પ્રથમ દિવસે શેરી ગરબાની હરીફાઈમાં કુલ 21 ટીમોએ ભાગ લીધો હતો. પ્રથમ ક્રમે બીનવાડા, બીજા ક્રમે ભાગોદ અને ત્રીજા ક્રમે ચિચવાડા સિનિયરની ટીમ વિજેતા બની હતી. ઝરિયાની હરીફાઈમાં પારનેરા પારડી પ્રથમ ક્રમે, ચીંચવાડા જુનિયરની ટીમ બીજા ક્રમે વિજેતા બની હતી. તેમજ ઘેરૈયામાં સેગવી ગામના ઘેરૈયાઓ વિજેતા બન્યા હતા. સમાજ દ્વારા તમામ વિજેતા ટીમને રોકડ ઈનામ તેમજ બાકીની ટીમોને આશ્વાસન ઇનામ આપી સન્માનિત કર્યા હતા.

ધમડાછામાં બ્લડ અને નેત્ર કેમ્પ યોજાયો

બીલીમોરાઃ ધમડાછા સત્ય સાંઈ સેવા સમિતિ દ્વારા એનએમપી બ્લડ બેન્ક અને નવસારી જય આઇકેર સહયોગથી રવિવારે ગામનાં લીમડા ચોક સમિતિ કાર્યાલયમાં રક્તદાન કેમ્પ અને નેત્ર કેમ્પ યોજાયો હતો. 127 જરૂરિયાતમંદોની આંખ તપાસ કરાઈ હતી. સાથે 27 યુનિટ રક્તદાન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમિતિ કન્વિનર અશ્વિનભાઈ પટેલે કાર્યને બિરદાવતાં સત્ય સાંઈબાબાનું સેવાસૂત્ર લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ધરમપુરની બી.આર. ઇન્ટરનેશનલ સ્કૂલ ખારવેલમાં શરદ પૂનમની રમઝટ

ધરમપુરઃ ધરમપુરની બી.આર. ઈન્ટરનેશનલ સ્કૂલ ખારવેલમાં શરદ પૂનમની રમઝટ ઈવેન્ટ યોજાઈ હતી. મુખ્ય મહેમાનોએ માતાજીની આરતીમાં સાઇનાથ હોસ્પિટલના ડો. હેમંતભાઈ, ખારવેલના સરપંચ રાજેશભાઈ પટેલ, રેઈબોવોરિયર શંકરભાઈ પટેલ, આચાર્ય શૈલેષકુમાર, મેનેજર પુખરાજજીએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ધરમપુરના નવનિયુક્ત પીઆઇ નિખિલ ભોયા તથા પોલીસ જવાન બાબુભાઈ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. સમારંભમાં છ વિભાગમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો માટેની સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમ આપી ઈનામ વિતરણ કર્યા હતા.

દમણમાં મેમણ જમાત દ્વારા ન્યાઝના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

દમણઃ સંઘપ્રદેશ દમણમાં આજરોજ મેમણ જમાત દ્વારા સમાજના લોકો માટે ગેટ ટુ ગેધર એન્ડ ન્યાઝના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દમણ મેમણ જમાતના પ્રમુખ સમીરભાઈ પાકીઝાની અધ્યક્ષતામાં આયોજિત આ કાર્યક્રમમાં ઓલ ઇન્ડિયા મેમણ જમાત ફેડરેશનના રાષ્ટ્રીય પ્રવક્તા અને વલસાડ જિલ્લા ઝોનલના સેક્રેટરી મજીદ લધાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમમાં સેલવાસ જમાતના પ્રમુખ ઈદ્રીશભાઈ બોદલા, ઉમરગામ જમાતના પ્રમુખ અસ્ફાકભાઈ ઘેટા, સંજાણ મેમણ જમાતના પ્રમુખ નાસીરભાઈ જાલીયાવાલા પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા દમણ મેમણ જમાતના ટ્રસ્ટીઓ આસીફભાઈ ચુડવાવાલા, ફૈઝલ કાપડિયા, અકબરભાઈ વાઘડિયા, ઈસ્માઈલ મેમણ, સિરાજ શરીફ વગેરેએ સહયોગ આપ્યો હતો.

વાપીમાં પતિની હેવાનિયત, માનસિક બીમાર બતાવી

પત્નીને દવા-ઈન્જેક્શન આપી હોસ્પિટલ ધકેલી

તરોફા અને જ્યુસમાં કોઈ ટેબલેટ નાંખી પીવડાવતો, ઈન્જેક્શનો આપતોઃ પાલઘરની એમ્બ્યુલન્સ બોલાવી દવા સુંઘાડી બેભાન કરી, હાથે-પગે દોરડા બાંધી બળજબરીથી સિવિલ હોસ્પિટલ લઈ ગયો

ત્રણ સંતાનની માતા પોલીસના શરણે, મેડિકલ તપાસ કરાવી તો કોઈ માનસિક બીમારી નહીં હોવાનું બહાર આવતાં ફરિયાદની તજવીજ

વાપીઃ વાપીમાં 3 સંતાનની માતાને માનસિક બીમાર સાબિત કરવા માટે પતિએ કોઈ કસર બાકી રાખી ન હતી. પાલઘરની એમએચ પાર્સિંગની એમ્બ્યુલન્સ બોલાવી પતિ તથા અન્ય ચાર અજાણ્યા ઈસમો અને એક મહિલાએ, બળજબરીથી ઘેનની દવા ખવડાવી અને કોઈ દવા સુંઘાડી બેભાન કરી દોરડાથી હાથ-પગ બાંધી વલસાડ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. ત્યાં તેને તરોફામાં તથા જ્યુસમાં કોઈ ટેબલેટ નાંખીને પીવડાવી હતી. આ બાબતે પરણિતાએ વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં પતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

મૂળ ભાવનગર જીલ્લાના અને હાલ વાપી નજીકના બલીઠા ગામ સ્થિત ધ્રુવ એવન્યુ એપાર્ટમેન્ટમાં કૈલાશબેન હરેશભાઈ જીંજાળા (ઉં.આ.39) પરિવાર સાથે રહે છે. તેમના લગ્ન હરેશ કુકાભાઈ જીંજાળા સાથે થયા હતાં, તેમને 3 સંતાનો છે. લગ્નજીવન દરમિયાન પતિ-પત્ની વચ્ચે ખાસ્સા ઝઘડા થયા હતાં અને પત્નીએ પતિના ત્રાસ અંગે પોલીસ ફરિયાદ સુદ્ધાં કરી હતી. જો કે બાળકોના ભવિષ્યને ધ્યાને લઈ છએક મહિના બાદ બંને વચ્ચે સમાધાન થયું હતું, ત્યારબાદ તેઓ વાપી બલીઠા ધ્રુવ એવન્યુ એપાર્ટમેન્ટમાં રહેવા આવી ગયા હતાં.

પતિ દ્વારા તરોફા કે જ્યુસમાં કોઈ ટેબલેટ નાંખી તેને આપતા હોવાની ખબર પડતા પત્નીએ પીણું પીવાની ના પાડતા પતિ દબાણ કરતો હતો. પતિએ તેને કહ્યું હતું કે બપોરે આવીશ અને મંગળસૂત્ર લેવા જવાનું છે તૈયાર રહેજે. બપોરના સમયે દરવાજો ખટખટાવતા ખોલ્યો, તો પતિ તથા અન્ય ચાર અજાણ્યા ઈસમો અને એક મહિલા આવી હતી અને ત્યારબાદ રૂમનો દરવાજો બંધ કરી ઈન્જેકશન બતાવી ડરાવી હતી. જેથી મહિલાએ બૂમો પાડી, તો તેના હાથ-પગ દોરડાથી બાંધી તેને ત્રણ-ચાર ટેબલેટ મોંમાં નાંખી, રૂમાલથી કોઈ દવા સુંઘાડી અર્ધબેભાન કરી દીધી હતી. કપડાની ઝોળી બનાવી તેને લિફ્ટ મારફતે નીચે લઈ જઈ બળજબરીપૂર્વક પાલઘરની એમએચ પાર્સિંગની એમ્બ્યુલન્સમાં ચડાવતા હતાં, ત્યારે મહિલાએ બૂમાબૂમ કરતા સોસાયટીના લોકો ભેગા થઈ ગયા, તે સમયે કોઈ ફાઈલ બતાવી હતી. મહિલાને ફરી દવા સુંઘાડી બેભાન કરી હતી. મહિલાને હોંશ આવ્યા તો તેઓ એમ્બ્યુલન્સમાંથી ઉતારી વલસાડ સિવિલ હોસ્પિટલમાં લઈ ગયેલા હતા અને ત્યાં મહિલાએ પોતાની હકીકત કહી હતી કે ખોટી રીતે બળજબરીપૂર્વક અહીં લાવે છે. તેમ છતાં તબીબે તેની વાત ધ્યાને ન લઈ વોર્ડમાં મોકલી આપી હતી.

મહિલાએ અન્ય પેશન્ટના સંબંધીનો મોબાઈલ ફોન લઈ તેના પિતાને સઘળી હકીકત કહેતા, પિતા સહિત ભાઈ-ભાભી આવી ગયા હતા અને તેને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરાવી હતી. મહિલાએ વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં આ બાબતે પહેલા અરજી આપી હતી. પોલીસ ટીમે વાપીની સરકારી હોસ્પિટલ, વલસાડ તથા સુરત હોસ્પિટલમાં તપાસ કરાવતા કોઈ માનસિક બીમારી નહીં હોવાના રિપોર્ટ આવ્યા હતાં. બનાવ અંગે પરણિતાએ વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં પતિ હરેશ જીંજાળા સામે ફરિયાદ નોંધાવી હતી.

ભીલાડ નજીક વલવાડામાં અજાણ્યા વાહન અડફેટે યુવતીનું મોત

ઉમરગામઃ ભીલાડ નજીક વલવાડામાં અજાણ્યા વાહનની અડફેટે 22 વર્ષીય યુવતીનું કરુણ મોત નીપજ્યું હતું.

બુધવારે રાત્રે આઠેક વાગ્યાના સુમારે બંગલી ફળિયા ને.હા. નં. 48 મુંબઈથી વાપી તરફના સર્વિસ રોડ ઉપર ઇન્ફિનિયા પાર્કની સામે વલવાડામાં અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પૂરઝડપે હંકારી રેશમા પાલ (ઉં.વ.22) ને અડફેટે લેતા ગંભીર ઇજાઓ પહોંચાડી નાસી છૂટ્યો હતો. યુવતી રેશમા પાલ વાપી નોકરીએથી ઘરે પરત આવતી હતી ત્યારે ઘર નજીક જ અકસ્માતની આ ઘટના બનવા પામી હતી આ અંગે ભિલાડ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પારડીના બાલદા-રોહિણા સહિતના ગામોના વાવાઝોડા અસરગ્રસ્તોને તુરંત સહાય ચૂકવાશે

નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ તેમજ વલસાડ-ડાંગના સાંસદે અસરગ્રસ્ત પરિવારોની મુલાકાત લઈ બાંહેધરી આપી

269 ઘરોને અંદાજે 24 લાખ જેટલું નુકસાન પહોંચાડ્યું

પારડી, વલસાડઃ પારડીમાં ભારે વરસાદ સાથે વાવાઝોડાના કારણે બાલદા અને રોહિણા સહીતના ગામોના ઘરોમાં થયેલ નુકસાનીનું સ્થળ નિરીક્ષણ કરી તાગ મેળવી નાણાં-ઉર્જા પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈ અને લોકસભાના દંડક વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલે વહીવટીતંત્રને જરૂરી સૂચનો કર્યા હતાં. બાલદા ગામે 100 સહીત પારડી તાલુકામાં 269 જેટલા પરિવારના ઘરોને અંદાજીત રૂ. 24 લાખની વાવાઝોડાને કારણે નુકસાની થઇ હતી. જેનો સર્વે કરી 2 દિવસમાં અસરગ્રસ્તોને સહાય ચુકવવા પ્રાંત અંકિત ગોહિલ અને ટીડીઓ વિશાલ પટેલને આદેશ કરવામાં આવ્યો હતો.

વલસાડ જિલ્લામાં વવાઝોડાથી પારડી તાલુકાના બાલદા-રોહિણા સહિત ગામોમાં કુદરતી આપત્તિના કારણે અનેક ઘરોમાં નુકસાનીમાં લોકોને હાલાકીઓનો સામનો કરવો પડ્યો હતો. ઘરોના પતરા ઉડ્યા, દીવાલ-પીલરો ધસી પડતા આર્થિક નુકસાન થયું હતું. જે નુકસાનીનો તાગ મેળવવા આજે ગુરુવારે ગુજરાત સરકારના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ અને સાંસદ ધવલ પટેલે અસરગ્રસ્ત પરિવારોની રૂબરૂ મુલાકાત કરી હતી.

મંત્રી કનુભાઈ દેસાઈએ સરકાર તરફથી આપવામાં આવતી વિવિધ સહાયો વહેલી તકે પુરી પાડવા માટે બાંહેધરી આપી હતી અને અમુક ગામડાઓમાં ચક્રવાતનો પવન વધારે હોવાથી વધુ નુકસાન થવા પામ્યું છે, જેઓને સુવિધા અને સહાય મળશે, એવું તેમણે ઉમેર્યું હતું.

સાંસદ ધવલ પટેલે જણાવ્યું હતું કે, વાવાઝોડાના કારણે 269 જેટલા પરિવારોને નુકસાન થયું છે. જેની જાણ થતા તેમણે દિલ્હીથી પારડી આવી પરિવારોની મુલાકાત લઈ જે સરકારના માપદંડ મુજબ વિશેષ પેકેજ પણ મળે તેવા પ્રયાસો શરૂ કર્યા છે, મુખ્યમંત્રી જોડે સહાય અંગે વાત કરવામાં આવશે. તેમણે લોકો સાથે સ્થળ પર રૂબરૂ મુલાકાત લઇ સહાયની ખાતરી આપી હતી.

આ તબબકે જિલ્લા પંચાયતના પ્રમુખ મનહર પટેલ, વલસાડ જિલ્લા ભાજપના મહામંત્રી શિલ્પેશ દેસાઈ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ જીતેશ પટેલ, પારડી તાલુકા ભાજપ પ્રમુખ, બાલદાના સરપંચ રાહુલ પટેલ, તલાટી, વહીવટી તંત્રના અધિકારીઓ, પારડી જીઇબી અધિકારીઓ, સામાજિક આગેવાનો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

માત્ર 20 મિનિટમાં સ્થિતિ ભયંકર બની હતી

સ્થાનિકોએ જણાવ્યું હતું કે માત્ર 20 મિનિટમાં જ પવનના સુસવાટાને કારણે ભયંકર પરિસ્થિતિ સર્જાઈ હતી. વહેલી તકે તેઓને વળતર મળે તેવી આશા રાખી છે. મંત્રી તેમજ સાંસદે સ્થળ મુલાકાત કરતા તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સાથે જીઇબીના અધિકારીઓ સ્થળ પર આવી જેસીબી દ્વારા વૃક્ષો હટાવવાની કામગીરી હાથ ધરી હતી. જીઇબીના 32 વીજપોલ, 1 ટ્રાન્સફોર્મર, દોઢ કિમી કેબલ સહીત રૂ. 6 લાખ જેટલું નુકસાન થયું હતું.

વાપીના જ્વેલર્સને ચોરેલી ચેઇન ખરીદવાના કેસમાં ફસાવવાની ધમકી આપી 29 હજાર ઉસેટી લીધા

ચીટર ટોળકીની અવનવી તરકીબઃ વડોદરા પોલીસ તરીકેની ઓળખ આપી અને તેમણે ઝડપી પાડેલી મહિલા ચોરે તમારી દુકાને ચોરેલી ચેઇન વેચી છે એવું કહી જ્વેલર્સને ધમકાવ્યા

વાપીઃ ચીટર ટોળકીએ વાપી ગુંજનના જ્વેલર્સને ચોરેલી ચેઈનની ખરીદીના કેસમાં ધરપકડ કરવાની ધમકી આપી રૂ.29,500ની છેતરપિંડી કરી હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. ટોળકીના એક ઠગે જ્વેલર્સની દુકાને જઈને મેસેજ આપ્યો હતો, જ્યારે અન્ય એક ઠગે ફોન કરી કેસમાં ફસાવી દેવાની ધમકી આપી, ગૂગલ પે દ્વારા વેપારી પાસેથી પૈસા પડાવી લીધા હતાં.

વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી ટાઉન, કબ્રસ્તાન રોડ પર સરીફુલ ઉર્ફે ટીન્કુ જહાંગીર ચૌધરી (ઉં.38) પરિવાર સાથે રહે છે અને તેઓની વાપી જીઆઈડીસી ગુંજનમાં ટીન્કુ જવેલર્સની દુકાન આવેલી છે. તેમના મોબાઈલ ફોન ઉપર કોઈકનો મીસ્ડકોલ આવ્યો હતો. બપોરના સમયે દુકાને કામ કરનારે કહ્યું કે, કોઈક માણસ આવ્યો હતો અને તમારા વિશે પૂછતા હતા અને તેણે વડોદરાના પોલીસવાળાનો નંબર આપેલ છે એવું કહ્યું હતું. તમારા ફોનમાં વડોદરા પોલીસનો મીસ્ડકોલ આવેલ હશે તેની પર વાત કરો.

વેપારીએ મીસ્ડકોલના નંબર પર વાત કરતા સામેવાળાએ વડોદરા પોલીસ તરીકેની ઓળખ આપી હતી અને કહ્યું કે, નાની-મોટી ચોરી કરનાર એક મહિલા પકડાયેલી છે અને તેણે સોનાની ચેઈન વેચેલી છે. તેણે કોઈક સ્ત્રીનો નામ સાથેનો ફોટો મોકલ્યો હતો અને બાદમાં કાઢી નાંખ્યો હતો. ત્યારબાદ ફરી ફોન આવ્યો હતો, તેણે સોનાની ચેઈન રૂ.29500/-માં તમારી દુકાને વેચેલ છે, જો આ રૂપિયા ગુગલ પેથી પે કરી દો તો હું આ કેસ ક્લોઝ કરી દઈશ. ગભરાયેલા દુકાનદારે તે નંબર ઉપર ગુગલ પે દ્વારા રૂ.29500/- ટ્રાન્સફર કરી દીધા હતાં. જો કે ત્યારબાદ તે ફોન સ્વીચ ઓફ થઈ ગયો હતો. પોતે છેતરપીંડીનો ભોગ બન્યા હોવાનું જણાતા તેમણે વાપી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

કપરાડામાં કોંગ્રેસની કારોબારી બેઠક મળી

વલસાડઃ કપરાડા તાલુકા કોંગ્રેસ સમિતિની કારોબારી મિટિંગ ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના મંત્રી, ગુજરાતના ઈન્ચાર્જ ઉષાબેન નાયડુની હાજરીમાં મળી હતી. ગ્રામ પંચાયતોની ચૂંટણી અને તાલુકામાં કોંગ્રેસની પરિસ્થિતિ, સંગઠનને મજબૂત બનાવવા સહિતના મુદ્દાઓની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ કિશનભાઇ પટેલ, વસંતભાઈ બી.પટેલ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ હરેશભાઈ, પટેલ, ઉપપ્રમુખ માહદુભાઈ સરનાયક, તાલુકા પંચાયત વિરોધ પક્ષના નેતા ઈશ્વરભાઈ તુમડા, જિ.પંચાયત સભ્ય સુરેશભાઈ કામડી, યુથ પ્રમુખ મનુભાઈ જાદવ તથા હોદ્દેદારો હાજર રહ્યા હતાં.

ઉમરગામમાં રૂમ ખાલી કરવાનું કહેતાં ચાલી માલિકને ભાડુઆતે ઢોર માર માર્યો

ભાડુઆત યુવક અને તેના મિત્રો બૂમાબૂમ કરી વાતચીત કરતાં હોવાથી ચાલી માલિકે ઠપકો આપ્યો હતો

ઉમરગામઃ ઉમરગામમાં ચાલી માલિકે રૂમ ખાલી કરવાનું કહેતા ભાડુઆત તથા તેના મિત્રોએ ઢોર માર માર્યો હોવાની ચાર જણા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે.

ઉમરગામ દેવ ધામ ખાતે ફરિયાદી શુભમ રાકેશ સિંગ રાજપુત (રહે વેવજી ઈન્ડિયા કોલોની)ના પરિવારની માલિકીની ચાલી છે. આ ચાલીના એક રૂમમાં આરોપી રામલાલ સોમનાયક મલ્લા રહે છે. આરોપી તથા તેના મિત્ર રૂમ ઉપર ભેગા થઈ બુમાબમ કરી વાતચીત કરતા હોવાથી, તેમને ચાલી માલિકે રૂમ ખાલી કરવાનું કહ્યું હતું. જો કે રામલાલ (રહે ઉમરગામ ગાંધીવાડી), ગજજુ ઉર્ફે ગજેન્દ્રસિંગ કિશોરસિંહ રાઠોડ (રહે ઉમરગામ ગાંધી વાડી પ્રગતિનગર), સુરજ વારલી (રહે ઉમરગામ પાવર હાઉસ) તથા રોહન યાદવ (રહે ઉમરગામ ગાંધીવાડી પ્રગતિનગર) ઉશ્કેરાઈ ગયા હતાં અને ફરિયાદી શુભમ રાજપૂતને ગંદી ગાળો આપી ઢીક મૂકીનો માર મારી તેમજ પ્લાસ્ટિકના પાઇપ વડે માથાના ભાગે ડાબા હાથમાં જમણા હાથમાં પગ ઉપર સપાટા મારી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી નાશી ગયા હતા.

બનાવ અંગે શુભમ રાજપૂતે ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ચારેય વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું સૂત્ર પાસેથી જાણવા મળ્યું છે.

ક્વોરી હડતાળ 15 મા દિવસે સમેટાઈ

વલસાડઃ 2 ઓકટોબરથી કવોરી ઓનર્શ એસોસિએશનના આદેશ મુજબ કવોરી કામકાજ બંધ કરી હડતાળમાં જોડાયા હતાં. સરકારી કામકાજ બંધ થવા સાથે રિયલ એસ્ટેટને પણ ગંભીર અસર પહોંચી હતી. છેલ્લા બે દિવસથી એસો.ના હોદ્દેદારો સાથે સરકારના સંબધિત વિભાગના અધિકારીઓ અને પદાધિકારી સાથે થયેલી બેઠક બાદ પ્રશ્નોના ઉકેલ આવતા હડતાળ સમેટી લેવામાં આવી હતી તેમ વલસાડ જિલ્લા કવોરી એસોસિએશનના સેક્રેટરી મહેન્દ્રભાઈ ભાનુશાલી દ્વારા જણાવાયું હતું. કવોરી માલિકો શુક્રવારથી કામકાજ શરૂ કરશે.

બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક

(રીજીયોનલ ઓફિસ :ત્રીજો માળ, આદિત્ય ચેમ્બર, સ્ટેશન રોડ, વલસાડ. ફોન. ૦૨૬૩૨ - ૨૫૩૭૯૦-૨૪૨૧૩૦)

POSSESSION NOTICE

Whereas

The undersigned being the authorized officer of the **BARODA GUJARAT GRAMIN BANK** under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest (Second) Ordinance Act, 2002 (Ord. 3 of 2002) and in exercise of powers conferred under Section 13(12) read with rule 9 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a demand notice dated **01/08/2024** calling upon the borrower **Mr. Bhavin Amrutlal Joshi and Mrs. Tanviben Bhavin Joshi**to repay the amount mentioned in the notice being **Rs. 17,14,729.56/- (Rupees Seventeen Lakhs Fourteen Thousand Seven Hundred Twenty Nine Rupees Fifty Six Paisa Only)** and interest thereafter within 60 days from-the-date of receipt of the said notice.

The borrowers/mortgagors having failed to repay the amount, notice is hereby given to the borrowers/mortgagors and the public in general that the undersigned has taken **Symbolic Possession** of the property described herein below in exercise of powers conferred on him/her under Section 13(4) of the said Ordinance Act read with rule 9 of the said rule on this **11th day of October of the year 2024**.

The borrower/Guarantors/mortgagor in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the **Baroda Gujarat Gramin Bank –Navsari Branch** for an amount of **Rs. 17,14,729.56/-** and interest thereon.

Description of the Immovable Property

Property bearing R.S. No 100, C. S. Tika No 112, C.S. No 4912, T.P. Scheme No. 2, Flat No 501, Block no A, Municipal House No 4699/A-501, Admeasuring Super Built up area 218.4014 sq. mtrs., Built Up area 141.1609 Sq. Mtrs and Open Terrace on North Side bearing 39.96 sq. Mtrs, situated at Om Residency, Municipal Ward No 14, Dasera Tekari Road, Navsari, which belongs to Mr. Bhavin Amrutlal Joshi.

Property Bounded by:

On the East	Open Passage
On the West	Lift and Passage
On the North	Road of Society
On the South	Flat No 502

Date: 11/10/2024
Place: Navsari

Chief Manager & Authorized Officer,
Baroda Gujarat Gramin Bank

સેલવાસના આમલી હનુમાન મંદિર પાસે શાળાનો વિદ્યાર્થી ખાડામાં પડી જતા ઈજા

સેલવાસ ઝંડા ચોક વિસ્તારમાં ગટરના કામના કારણે ટ્રાફિકની સમસ્યા, શાળાના વિદ્યાર્થીઓને પડતી અગવડતા

સેલવાસઃ સેલવાસના ઝંડાચોક વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી ગટરના નવા બાંધકામને કારણે માર્ગ પર ટ્રાફિકની ગંભીર સમસ્યા ઉભી થઈ છે. ગટરના પાઇપલાઇન બાંધકામ માટે ખાસ કરીને ઝંડાચોકનો મુખ્ય માર્ગ એક બાજુથી ખોદવામાં આવ્યો છે, જેના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલનો સામનો કરવો પડી રહ્યો છે. ઝંડાચોકમાં આવેલી શાળામાં 2000 કરતા વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે ત્યારે શાળાએ આવવા જવા માટે ભારે સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે.

આમલી હનુમાન મંદિર પાસે શાળાએ જતી વખતે એક વિદ્યાર્થી ગટર માટે ખોદવામાં આવેલા ખાડામાં પડી જતા માથામાં ઈજા થઈ હતી. આમલી હનુમાન મંદિરમાં એક બાજુ રસ્તો ચાલુ છે અને બીજી બાજુ રસ્તો ખોદવામાં આવ્યો છે તથા બાકીની જગ્યા ઉપર બાંધકામના સામાન મુકેલા છે.

કેટલાક વાલીઓએ કહ્યું કે તેમને તેમના બાળકોને સ્કૂલ પહોંચાડવા માટે ભારે મહેનત અને સાવચેતી રાખવી પડી રહી છે જેનું મુખ્ય કારણ ગટરનું બાંધકામ છે. આ સમસ્યાને કારણે વિદ્યાર્થીઓને શિક્ષણ વિક્ષેપ સર્જાઈ રહ્યો છે.

અમલસાડના સેવાસેતુમાં 1536 અરજીઓનો નિકાલ

બીલીમોરાઃ અમલસાડ અક્ષત ચેરીટેબલ ટ્રસ્ટ મહેતાવાડીમાં 20 ગામોનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધમડાછા, તલીયારા, કછોલી, મોહનપુર, અંચેલી, ગંધોર, કોલવા, અમલસાડ સહિતના ગામોનાં 1536 ગ્રામજનોએ વિવિધ વિભાગોના પ્રશ્નો અને અરજ લઈ આવ્યા હતા. જેનો નિકાલ કરાયો હતો. જેમાં 980 રસીકરણ, 141 હેલ્થ વેલનેશ, 88 રેશનકાર્ડ ઈકેવાયસી, 30 રેશનકાર્ડ નામ કમી, તેમજ વિધવા સહાય, માં વાત્સલ્ય કાર્ડ, વગેર મળી કુલ 1536 અરજીનો નિકાલ કરાયો હતો. સેવાસેતુ પ્રસંગે ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, તાલુકા પંચાયત પ્રમુખ પ્રશાંત શાહ, શૈલેષ હળપતિ, માજી સરપંચ નિલેશ નાયક, ગણદેવી મામલતદાર જગદીશ ચૌધરી, ટીડીઓ, અમલસાડ વહીવટદાર કેતન પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.